# અંતર મમ વિકસિત કરો, અંતરતર હે

કવિ : રવીન્દ્રનાથ ટાગોર, અનુવાદ : પિનાકીન ત્રિવેદી, સંગીત : અસીમ-માધવી મહેતા,
ગાયકો : અસીમ-માધવી મહેતા

ભારતીય સંસ્કૃતિમાં જગતની શ્રેષ્ઠ પ્રાર્થનાઓ રહેલી છે. પ્રાર્થના એટલે આત્મા સાથે જોડાણ સાધી બ્રહ્માંડની અગોચર શક્તિ સાથે એકાકાર થવું. કોઈ પણ કાર્યનો આરંભ પ્રાર્થનાથી કરવાથી મનમાં રહેલી નકારાત્મકતા દૂર થાય છે, ચિત્ત શાંત બને છે. પ્રાર્થના એ હૃદયનું મર્મસ્થાન છે. હૃદયનો ખોરાક છે. પ્રાર્થનાના વાતાવરણમાં તમે તલ્લીન થઈ જાઓ તો મનમાં રહેલી મલિનતા ધીમેધીમે ઓગળી જાય અને શુભ સંકલ્પો મજબૂત અને વિકસિત થાય છે. પુસ્તકની અનુક્રમણિકા પ્રમાણે અનાયાસે કવિવર રવીન્દ્રનાથ ટાગોર લિખિત 'અંતર મમ વિકસિત કરો...' પ્રાર્થના પ્રથમ ક્રમાંકે આવી એ પણ એક શુભ સંકેત જ ને! તો આવો આ પ્રાર્થનાથી જ 'હૈયાને દરબાર'ની રસકથાઓનો આરંભ કરીએ.

રવીન્દ્રનાથ ટાગોરની પ્રાર્થના 'અંતર મમ...'નો આ ગુજરાતી અનુવાદ લગભગ દરેકે સાંભળ્યો હશે અને શાળાકીય જીવનમાં ગાયો પણ હશે. કવિ સુરેશ દલાલ આ પ્રાર્થનાને ભગવદ્‌ગીતા સમકક્ષ મૂકે છે. તેઓ લખે છે, "પ્રસ્તુત કવિતામાં એક પણ શબ્દ ધ્યાન બહાર રાખી શકાય એવો નથી. એકેએક શબ્દ પર પૂરતું ધ્યાન આપીને વિચારીએ તો જ આ કવિતા કમળ બનીને ભીતર ખૂલે. મને જે પંક્તિ સવિશેષ સ્પર્શી ગઈ એ છે, 'યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ.' મને બધાની સાથે જોડો અને મારાં બધાં બંધનો તોડો... અહીં 'બધાં' શબ્દ ખૂબ અગત્યનો છે. કવિ ઈશ્વરને પ્રાર્થના કરે છે કે મને સગપણ-લાગણી-સંબંધ અને પૈસા-દરજ્જાની ગણતરી કર્યા વિના સર્વની સાથે સમ્યક્ ભાવે જોડો. હું હું ન રહું, બધામાં ભળી જાઉં. મારા અને તારા વચ્ચે કોઈ અંતર ન રહે. પણ કવિતાનો ઉત્તમ ભાગ તો બધાં બંધનોથી મુક્ત કરોની પ્રાર્થનામાં છે. બધાની સાથે જોડાઈને પણ બધાથી મુક્ત કરો. આ વિચાર કલાકો સુધી આપણને અટકાવી દે એવો ગહન છે."

વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોરે કાવ્યસર્જન દ્વારા પોતાનું અંતર તો વિકસાવ્યું, સાથે લાખો લોકોનાં અંતરમાં શાતા આપી. તેમનાં ગીતો અંજલિ સમાન છે. કવિ અનિલ ચાવડાએ આ કાવ્ય વિશે એક સ્થાને લખ્યું હતું, "એક વખત ટાગોર કવિતા લખવા બેઠા હતા. બારી પાસે ટેબલ ગોઠવાયેલું હતું. ગાઢ અંધારું ને ઉપરથી પવન સુસવાટા મારતો હતો. અચાનક એક જોરદાર પવનનું ઝાપટું આવ્યું અને બારી ખૂલી ગઈ. મીણબત્તી ઓલવાઈ ગઈ, બધા કાગળ ઊડી ગયા. શાહીનો ખડિયો ઢોળાઈ ગયો. ટાગોરનું મન ખિન્ન થઈ ગયું. પવનના ઝાપટાએ કવિતાના વિચાર પર પાણી ફેરવી દીધું. ટાગોર વસવસા સાથે ખુરશી પર બેસી રહ્યા.

હવે ઊભા થઈને કાગળ વીણવા, મીણબત્તી પ્રગટાવી, ઢોળાયેલી શાહી સાફ કરવી, ખડિયો ભરવો, પેન લેવી આ બધું કરવામાં તો કવિતાનો વિચાર ક્યાંય અદશ્ય થઈ જાય. કવિતા તો ક્ષણ માત્રનો ખેલ હોય છે, ક્ષણ ચૂક્યા તો પત્યું. પવનનું ઝાપટું ટાગોરની કવિતાને ઉડાવીને લઈ ગયું, પણ જેવી બારી ખૂલી કે તરત ઠંડા પવન સાથે ચાંદની ઘરમાં પ્રવેશી. એમને થયું કે આપણે ઘણી વાર અહમ્‌ની બારીઓ ભીડી દેતા હોઈએ છીએ. જો અહમ્‌ની બારી ખૂલી જાય તો આપોઆપ પરમેશ્વરની ચાંદનીનો અનુભવ થાય. આપણે આપણા 'હુંપણા'માં અટવાયેલા છીએ. એ અહમ્‌ની બારીને સજ્જડ રીતે સ્ટૉપર મારી દીધી છે. એટલા માટે જ અંતરને વિકસિત કરવાની જરૂર છે. જો એ વિકસે તો આપોઆપ જગતમાં રહેલી ઠંડા પવનની લહેરખી જેવી ઘટનાઓ અનુભવાય. આજે આપણે એકબીજા વચ્ચે રહેલા અંતરને વિકસાવવામાં પડ્યાં છીએ અને અંતરાત્માને અભરાઈએ ચડાવી દીધો છે.

રવીન્દ્રનાથની આ પ્રાર્થના આપણને ઘણું કહી જાય છે. કવિ ઈશ્વરને પ્રાર્થના કરે છે, "હું હું ન રહું, બધામાં ઓગળી જાઉં. મારા અને તારા વચ્ચે કોઈ અંતર ન રહે અને અંતરાત્મા વિકસિત થાય."

'આશ્રમ ભજનાવલિ'માં સ્થાન પામેલી આ પ્રાર્થના સામૂહિક રીતે ગવાતી આવી છે, પરંતુ વડોદરાસ્થિત ગાયક/સંગીતકાર રવિન નાયકે જુદી રીતે સ્વરનિયોજન કરી સાધના સરગમ પાસે ગવડાવી છે. એ જ રીતે અમેરિકામાં વસતાં અસીમ-માધવી મહેતા વૃંદ દ્વારા પણ આ પ્રાર્થના સરસ રીતે રજૂ થઈ છે.

નાની ઉંમરે હું સંગીત શીખતી હતી ત્યારે મારા પિતાએ મને 'આશ્રમ ભજનાવલિ' ભેટ આપી હતી. એનું મૂલ્ય એ વખતે નહોતું સમજાયું, જે હવે સમજાય છે. ગાંધીજી કહેતા કે દરેક ધર્મની પ્રાર્થના એક જ ઈશ્વરની ઉપાસના શીખવાડે છે. આશ્રમ ભજનાવલિમાં એવાં કોઈ ભજન નથી જે મૃત્યુનો ડર બતાવે, સાંપ્રદાયિક હોય કે સ્ત્રીઓની નિંદા કરનારાં હોય. જે ભજનમાં ભક્તિભાવ ન હોય અથવા કૃત્રિમ હોય એવાં ભજનો એમાં સમાવિષ્ટ નથી. વેદવાણીનું મહત્ત્વ સમજીને ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ ગાંધીજીનો પ્રિય મંત્ર હોવાથી સવાર-સાંજની પ્રાર્થનામાં 'અંતર મમ...'નો સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક અગ્રેસર ભાષાનાં ભજન આશ્રમ ભજનાવલિમાં જોવા મળે છે. ખૂબ ગવાતાં ગુજરાતી ભજનોમાં 'હરિને ભજતાં હજી કોઈની લાજ...', 'આપને તારા અંતરનો એક તાર...', 'મારાં નયણાંની આળસ...', 'પ્રેમળ જ્યોતિ...', 'એક જ દે ચિનગારી...', 'મંગલ મંદિર ખોલો...' તથા 'અંતર મમ વિકસિત કરો...' તો પ્રચલિત છે જ, પરંતુ આપણે 'આશ્રમ ભજનાવલિ'ની અન્ય બે પ્રાર્થના વિશે પણ વાત કરીશું.

ગાંધીજીના સામાજિક કાર્યને કથા અને કથાગીતો સ્વરૂપે આગળ ધપાવવાનું કામ નારાયણ દેસાઈએ કર્યું હતું. મુદ્દલ કરતાં વ્યાજ વહાલું હોય એ ન્યાયે ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈના પુત્ર નારાયણભાઈ ગાંધીજીને ખૂબ વહાલા હતા. નારાયણભાઈ ગાંધીજીનો 'બાબલો' હતા એટલે ગાંધીજીના ખોળામાં બેસવાનો તેમને અધિકાર હતો. બાબલો સ્વતંત્ર

મિજાજનો તરુણ હતો એટલે કોઈ પૂછવાની હિંમત ન કરે એવા સવાલો પૂછવાનો તેમને અધિકાર હતો.

સર્વોદય પરિવાર માટે નારાયણભાઈ 'બાબુભાઈ' તરીકે ઓળખાતા હતા. ગાંધીજીના યુવા સાથી હતા અને તેમનું ઘડતર જ ગાંધીજીના હાથે થયું હતું. ગાંધીજીને સમજવાની અને સમજાવવાની એક તડપ નારાયણભાઈમાં હતી.

એમણે ગામેગામ જઈને ગાંધીકથા કરવાનો સંકલ્પ કર્યો હતો. સામાજિક બદીઓ, કટ્ટરતા નાબૂદ કરવા ઉપરાંત ગાંધીકથા પાછળ બીજો મહત્ત્વનો ઉદ્દેશ ગાંધીવિચારને યુવાનો સુધી પહોંચાડવાનો હતો. નારાયણભાઈએ ગાંધીજીનું ૧૯૦૦ પાનાનું દળદાર જીવનચરિત્ર લખ્યું પણ વાંચનાર વર્ગ કેટલો? એના કરતાં કથા એ બહુ સબળ માધ્યમ હોવાથી નારાયણ દેસાઈએ ૨૨-૪-૨૦૦૪થી ગાંધીકથા શરૂ કરી. ગાંધીકથા સાથે ૨૦૦૪થી જ જોડાયેલા ગાયક ડૉ. નરેન્દ્ર શાસ્ત્રી કથાની લોકપ્રિયતા વિશે કહે છે, "ગુજરાત વિદ્યાપીઠના સહયોગથી સૌપ્રથમ ગાંધીકથા દેથલી ગામમાં થઈ એ પછી સતત ત્રણ દિવસ ગુજરાત વિદ્યાપીઠમાં જ એનું આયોજન થયું હતું. કથાની સફળતાથી પ્રેરાઈને નારાયણ દેસાઈએ દસ વર્ષ ગાંધીકથા કરી અનેક યુવાનોને પ્રેરણા આપી હતી. એ હંમેશાં કહેતા કે આપણા યુવાનોમાં હું ગાંધીજીને જોવા ઇચ્છું છું. નારાયણભાઈએ પ્રસંગો પ્રમાણે ગાંધીકથા માટે જ ૭૦ ગીતો લખી સ્વરબદ્ધ કર્યાં હતાં. અમુક ગીતો બંગાળી ઢાળ મુજબ, અમુક મરાઠી તથા આપણા ગુજરાતી ઢાળ તો ખરા જ. સરળ શબ્દોનાં ગીતોની ધારી અસર થઈ હતી. ગામડાં અને શહેરોના કેટલાય યુવાનોએ જાતજાતના સંકલ્પ લીધા હતા. નારાયણ દેસાઈએ ગાંધીકથા ગીતોની પુસ્તિકા પ્રગટ કરી હતી જે આજેય ગુજરાતભરમાં ગવાય છે. ૨૦૧૪માં છેલ્લે નેપાળમાં થયેલી કથા પહેલાં નારાયણભાઈ બાથરૂમમાં પડી ગયા. માથામાંથી લોહી નીકળતું હતું છતાં જાતે ફર્સ્ટ એઇડ બૉક્સમાંથી દવા લઈ ડ્રેસિંગ કર્યું અને કથા કહેવા મંચ પર પહોંચી ગયા એવી એમની નિષ્ઠા હતી. કથા કહેતાં મારા પ્રાણ નીકળી જાય એથી મોટું સુખ કયું? એમ તેઓ હંમેશાં કહેતા. જોકે પછીથી એમની તબિયત નાજુક થતી ગઈ અને ૨૦૧૫માં એમનું અવસાન થયું, પરંતુ છેવટ સુધી એ કથા સાથે સંકળાયેલા રહ્યા. આ પરંપરા હવે ડૉ. યોગેન્દ્ર પારેખે ચાલુ રાખી છે. તેઓએ કેટલીક ગાંધીકથા કરી છે. ઉત્તરપ્રદેશમાં સત્યવ્રત સિંહ પણ આ કામ કરે છે. આજના સ્પર્ધાત્મક સમયમાં આ પ્રવૃત્તિ ચાલુ રહે એ ઇચ્છનીય છે."

ગુજરાતમાં કથા-કીર્તનની ઑરલ ટ્રેડિશન વધારે પ્રભાવી નીવડે છે એટલે જ આ પ્રયોગ નારાયણ દેસાઈએ કરી જોયો હતો.

ગાંધીજીની ગમતી અન્ય પ્રાર્થના હતી, 'જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો...' વડોદરાના ગાયક/સંગીતકાર રવિન નાયકે સ્વરબદ્ધ કરી છે. કલાકારો હેમા-આશિત દેસાઈએ પણ એ સરસ ગાઈ છે.

ગાંધીજી પ્રાર્થનાને અતિ મહત્ત્વની માનતા હતા. તેઓ કહેતા, "જેમ શરીર માટે ખોરાક આવશ્યક છે, તે જ રીતે આત્મા માટે પ્રાર્થના આવશ્યક છે. માણસ ખોરાક વગર ઘણા

દિવસ ચલાવે, પણ પ્રાર્થના વિના ક્ષણ વાર પણ ન જીવી શકાય. મને તો શંકા નથી કે આજે આપણું વાતાવરણ કજિયા, કંકાસ અને મારામારીથી ભરેલું છે, તેનું કારણ એ છે કે આપણામાં સાચી પ્રાર્થનાની ભાવના નથી. શુદ્ધ ચરિત્ર અને ચિત્તશુદ્ધિ ઉપર કેળવણીનો પાયો નાખવો હોય તો નિત્ય નિયમિત પ્રાતઃકાળે અને સંધ્યાકાળે પ્રાર્થના જેવો સરસ ઉપાય બીજો એકે નથી."

સર્વધર્મસમભાવ સમી 'આશ્રમ ભજનાવલિ'ના સંપાદનમાં એટલે જ વિવિધ વિચારધારાવાળા લગભગ પચાસ લોકોનો પ્રભાવ હતો. જોકે ગાંધીજીના સંગીતપ્રેમના દાવા વિશે શંકા કરતાં પહેલાં એ યાદ રાખવું જોઈએ કે અમદાવાદમાં આશ્રમ સ્થાપ્યા પછી તેમણે વિખ્યાત શાસ્ત્રીય ગાયક પંડિત વિષ્ણુ દિગંબર પળુસ્કરને કોઈ યોગ્ય વ્યક્તિ આશ્રમ માટે આપવા વિનંતી કરી. તેના પરિણામે પં. પળુસ્કરના શિષ્ય પંડિત નારાયણ મોરેશ્વર ખરે સાબરમતીના સત્યાગ્રહાશ્રમમાં આવ્યા અને આશ્રમવાસી બનીને રહ્યા. ગાંધીજી કહેતા, "મને નૃત્યકળા પ્રત્યે આદર છે. સંગીત તો અત્યંત ગમે છે. એટલું જ નહીં, સંગીતમાં હું સમજું છું એવો મારો દાવો છે, પણ યુવાનોનું માનસ બગડે તેવાં ગીતો, તેવાં નૃત્ય પર તો પ્રતિબંધ જ મૂકું."

સંપ્રદાયવાદથી પર એવાં ભજનો માનવીને જોડવાનું કામ કરે છે એવું ગાંધીજી નક્કરપણે માનતા. એ કહેતા કે "Life is greater than all art."

ભૂતપૂર્વ વડા પ્રધાન અટલબિહારી વાજપેયીના મદદનીશ રહેલા સુધીન્દ્ર કુલકર્ણીએ એક પુસ્તક લખ્યું છે : Music of the Spinning Wheel (ચરખાનું સંગીત) જેનું વિમોચન ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામને હસ્તે થયેલું.

આ પુસ્તકનું નામ 'Music of the Spinning Wheel' રાખવા વિશે લેખકે વિસ્તારથી લખ્યું છે. ગાંધીજી સત્ય-અહિંસા સાથે સંવાદિતાની પણ શોધમાં હતા. સંવાદિતાની વૈશ્વિક ભાષા સંગીત છે. તેઓ અનેક વાર ચરખાના સંગીત વિશે ઇશારો કરતા હતા. તેઓ ઇચ્છતા હતા કે ચરખો ચલાવતી વખતે તેમાંથી કોઈ અવાજ ન આવે. શું તે દ્વારા તેઓ 'મૌનના સંગીત' પ્રતિ ઇશારો કરતા હતા? ગાંધીજીએ ચરખાના સંગીતમાં રહેલી રહસ્યમયતાને સમજવા વર્ષો સુધી અભ્યાસ કર્યો હતો. ચરખાના સંગીત પાછળ ચરખાનો સંદેશ પણ છુપાયેલો છે. ગાંધીને મન ચરખો ફક્ત ગરીબોને ઉપર ઉઠાવવાનું સાધન નહોતું કે ભારતની સ્વાતંત્ર્ય ચળવળનું પ્રતીક માત્ર નહોતું. ચરખો આંતરિક શુદ્ધીકરણનું અને પ્રભુ સાથેના મિલનનું સાધન પણ હતું. તેઓ માનતા કે ચરખાનું સંગીત આત્માને સૂઝ આપે છે. તે સાર્વત્રિક પ્રેમનું સંગીત છે. ગોથેના પુસ્તક 'FAUST'ના પાત્ર માર્ગારેટની વાત કરતાં ગાંધીજીએ કહેલું કે માર્ગારેટ હૃદયથી દુઃખી હતાં. તેમને ચરખો કાંતવાથી શાંતિ મળેલી. ચરખાના સંગીતે તેમનું દુઃખ દૂર કરેલું. એ રીતે ગાંધીજીને કલા-સંગીત પ્રતિ આદર હતો.

આ સિવાય અન્ય એક ગમતી પ્રાર્થના, 'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે...'

નાનપણમાં સાંભળેલી આ સુંદર પ્રાર્થના કોરોનાના કપરા સમયમાં કદાચ બધાંએ યાદ કરી હશે. જેમના કુટુંબમાં સંગીતનો પ્રભાવ હશે એમણે પોતાની માતા, નાની કે દાદી પાસે આ પ્રાર્થના સાંભળી જ હશે. મારી માને કંઠે મેં કેટલીય વાર આ પ્રાર્થના નાનપણમાં સાંભળેલી, પરંતુ સાસુમા ઉષાબહેન પણ હલકદાર કંઠે આજે ૯૦ વર્ષની ઉંમરેય સરસ ગાઈ શકે છે. કોવિડકાળ દરમિયાન દેશ-દુનિયામાં સામૂહિક પ્રાર્થનાઓ ચાલી રહી હતી એવા સમયે રાગ દેશ પર આધારિત આ સુંદર પ્રાર્થના એમણે વીડિયો રેકૉર્ડ કરીને મોકલી ત્યારે આનંદ-આશ્ચર્ય બન્ને થયાં હતાં.

કવિ કેશવલાલ ભટ્ટે ઈશ્વરને વૈદ્ય બનાવીને એમના હાથમાં નાડ સોંપવાની વાત કરી છે. મનુષ્યજાત ભયના ઓથાર નીચે જીવી રહી હોય તો આ ભય રોગની દવા કોની પાસે છે? ઈશ્વર સિવાય આ દર્દ કોઈ દૂર ન કરી શકે. નિર્મળ મનથી ઈશ્વર પર શ્રદ્ધા રાખો તો પરિસ્થિતિ બદલાય કે ન બદલાય, ભયાવહ મનઃસ્થિતિ તો બદલાય જ છે. કવિ તેથી જ કહે છે કે તમે દયાના સાગર છો, કૃપાનિધાન છો, ભક્તોના ભય હરો છો, અમારો મૂંઝારો તમે જ સમજો છો એટલે જ મારી નાડ તમને સોંપું છું. તમારા ઉપાય સચોટ છે, તમે જ જીવવાની અને જીતવાની શક્તિ પ્રદાન કરી શકો છો એમ કહીને છેવટે કવિ ભગવાનને જ ચૅલેન્જ આપે છે કે તમે અમને ભયમુક્ત, રોગમુક્ત નહીં કરો તો તમારી જ લાજ જાશે. આમ પ્રાર્થનાની શક્તિ દ્વારા કવિ ઈશ્વરને કહે છે કે તું મને તારો પોતાનો સમજીને મારો ઇલાજ કર.

આવી પ્રાર્થનાની શક્તિની આવશ્યકતા દરેક યુગમાં છે જ. આ પ્રાર્થનાના કવિ તરીકે ક્યાંક ‘કેશવ’ અથવા ‘કેશવરામ’ એવો નામોલ્લેખ જોવા મળતો હતો, પરંતુ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જ્યાં ગૂગલબાબા ન પહોંચે ત્યાં આપણા લેખક-વિવેચક દીપક મહેતા પહોંચી શકે. એમની પાસેથી કવિ કેશવલાલ હરિરામ ભટ્ટ (૧૮૫૧-૧૮૯૬) વિશેની યોગ્ય માહિતી તથા ફોટોગ્રાફ મળ્યા એટલે દીપક મહેતાનો આભાર માનવો જ પડે.

કવિ કેશવલાલ ભટ્ટ ૧૯મી સદીની સુધારાવિરોધી અને વૈદિક પરંપરાનો પુરસ્કાર કરતી સંસ્થા ‘વેદધર્મ સભા’નાં વર્ષો સુધી મંત્રી તથા તેના મુખપત્ર ‘આર્યધર્મ પ્રકાશ’ના તંત્રી રહી ચૂક્યા હતા. એ સામયિક માટે તેમણે ઘણા લેખો લખ્યા, અનુવાદો કર્યા પણ તેમાંનું ભાગ્યે જ કશું ગ્રંથસ્થ થયું છે. તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ ‘કેશવકૃતિ’ ૧૮૯૯માં પ્રગટ થયો હતો. તેમાંની મોટા ભાગની કૃતિઓ ઈશ્વરસ્તુતિ, અધ્યાત્મ, નીતિબોધ, વૈરાગ્ય, પ્રકૃતિવર્ણન વગેરેને લગતી અને મધ્યકાલીન કવિતાની પરંપરાને અનુસરતી છે. એક જમાનામાં તેમનાં કેટલાંક ભક્તિકાવ્યો સારાં એવાં લોકપ્રિય થયાં હતાં. તેમનાં ચાર ભજનોને ગાંધી આશ્રમમાં ગવાતાં પ્રાર્થના, ભજનો, ગીતોના સંગ્રહ આશ્રમ ભજનાવલિમાં સ્થાન મળ્યું છે તેથી એ ભજનો વધુ પ્રચલિત થયાં. ‘મારી નાડ તમારે હાથ...’નો સમાવેશ પણ આશ્રમ ભજનાવલિમાં થયો છે.

‘મારી નાડ તમારે હાથ...’ પ્રાર્થના ઘણા કલાકારોએ ગાઈ છે, પરંતુ વરિષ્ઠ ગાયિકા આદરણીય પૌરવી દેસાઈના કંઠે આ પ્રાર્થના નીખરી ઊઠી છે. પૌરવીબહેને ઘણી

ભક્તિરચનાઓ, સુગમસંગીત તેમ જ રંગભૂમિનાં ગીતો-ગરબા ગાયાં છે. શાસ્ત્રીય સંગીતમાં 'સંગીત અલંકાર' થયેલાં પૌરવીબહેન કહે છે, "નાનપણથી જ ઘરમાં સંગીતનું વાતાવરણ, જે લગ્ન પછી વધારે સમૃદ્ધ થયું. દર શુક્રવારે પાંચ ભજન ગાવાનો અમારો નિયમ હતો. એ રીતે ભક્તિગીતો નાનપણથી જ કંઠસ્થ હતાં. 'મારી નાડ...' ખૂબ ભાવસભર પ્રાર્થના છે. રાજકોટમાં પુષ્પા છાયા નામે રેડિયો સિંગર હતાં એમની પાસે પહેલી વાર હું આ ભક્તિગીત શીખી હતી. ૨૨ વર્ષની વયથી જ રેડિયો પર ગાવાનું શરૂ કરી દીધું હતું, જે ૭૫ વર્ષની વય સુધી ગાયું."

પૌરવી દેસાઈ આજે ૮૫ વર્ષની ઉંમરે પણ કાર્યરત છે. અનેક શિષ્યોને એ તાલીમ આપી રહ્યાં છે. સાવ 'લો પ્રોફાઇલ' રહીને સાઠ વર્ષથી તેઓ સંગીતનો યજ્ઞ અખંડપણે પ્રજ્વલિત કરી રહ્યાં છે. પૌરવી દેસાઈનું સૌથી લોકપ્રિય ગીત 'વ્હાલમનું નામ એ તો મધમીઠું નામ...' છે. કવિ ડૉ. સુધીર દેસાઈના આ ગીતને મુંબઈના સ્વરકાર રાસબિહારી દેસાઈએ સ્વરબદ્ધ કર્યું હતું. નવરાત્રી માટે ફાલ્ગુની પાઠકે વીડિયો દ્વારા ખાસ તૈયાર કરેલું ગીત 'વ્હાલમનું નામ...' વળી પાછું લોકપ્રિય થયું અને રિલીઝ થયાના એક અઠવાડિયામાં લાખો લોકોએ જોયું. ૪૫ વર્ષ પહેલાં રચાયેલું આ ગીત એ સમયે 'વ્હાલમનું નામ...' તરીકે જ પૌરવી દેસાઈએ પ્રચલિત કર્યું હતું અને એ જ નામે કૅસેટ બહાર પાડી હતી.

પૌરવીબહેન કહે છે, "અમારી 'દેસાઈ' ત્રિપુટી હતી. સુધીર દેસાઈ, રાસબિહારી દેસાઈ (મુંબઈ) અને પૌરવી દેસાઈ. સુધીર દેસાઈ ગીત લખે, રાસભાઈ કમ્પોઝ કરે અને હું ગાઉં. એમ અમે ઘણાં ગીતો તૈયાર કર્યાં હતાં. રાસબિહારીભાઈ સંગીતના મર્મજ્ઞ. સમર્થ કલાકાર પાસે ગવડાવવાનું પસંદ કરે. એ રીતે આશિત દેસાઈ અને મને એમણે ઘણાં ગીત શિખવાડ્યાં હતાં. નિનુ મઝુમદારે મારી પાસે પહેલવહેલા 'મારું મનડું મૂંઝાણું...', પં. વિનાયક વોરાએ 'યમુનાને આરે...' ગીત ગવડાવ્યાં હતાં. આ ઉપરાંત દિલીપ ધોળકિયા, પુરુષોત્તમ ઉપાધ્યાય, આશિત દેસાઈ, નવીન શાહ સહિત અનેક સ્વરકારોનાં ગીતો મેં ગાયાં છે."

વીજલ પટેલ, મનીષા ડૉક્ટર જેવાં સજ્જ શિષ્યા તૈયાર કરનાર પૌરવીબહેન પાસે ખેવના દેસાઈ જેવી યુવા પ્રતિભાઓ પણ તાલીમ લઈ રહી છે. આવાં પૌરવી દેસાઈને કંઠે એમનાં જ ગીતો સાંભળવા હોય તો ઇન્ટરનેટ પર ઉપલબ્ધ છે જ. બાકી આજે તો પૌરવી દેસાઈના આ ભક્તિગીત દ્વારા ઈશ્વરને હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ કે 'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે...' જાત વેદનામય બની જાય, સ્થળ, સમય બધું દુઃખજનક લાગતું હોય ત્યારે એ વેદનાને દૂર કરવાનું અમોઘ શસ્ત્ર છે પ્રાર્થના! બાળકોને સારા સંસ્કાર આપવા હોય તો પ્રથમ પગથિયા તરીકે ઘરમાં 'આશ્રમ ભજનાવલિ' વસાવવી જ જોઈએ. આ ત્રણ પ્રાર્થનાઓ આપણાં સૌનાં જીવનને ઉજાળે એવી અભ્યર્થના.

•

*અંતર મમ વિકસિત કરો, અંતરતર હે,*
*નિર્મલ કરો, ઉજ્જ્વલ કરો, સુંદર કરો હે.*
*જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,*
*મંગલ કરો, નિરલસ નિઃસંશય કરો હે.*
*સંગે સહુની એક કરો બંધન કરી મુક્ત,*
*કર્મ સકલ હો સદ્ય તુજ શાંતિછંદ યુક્ત,*
*ચરણકમલે મુજ ચિત નિઃસ્પંદિત કરો હે,*
*નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે.*

●

# અમથી અમથી મૂઈ!
# ઓલ્યા માંડવાની જૂઈ!

કવિ : જિતુભાઈ મહેતા, સંગીતકાર : પુરુષોત્તમ ઉપાધ્યાય, મૂળ ગાયકો : પુરુષોત્તમ ઉપાધ્યાય, રાસબિહારી દેસાઈ, પિનાકીન મહેતા.

સ્વપ્નોની દુનિયા કેવી રંગીન હોય છે! કહેવાય છે કે શમણાં તો પંખીની જાત! એને પાંખો આવે એટલે આસમાનની પેલે પાર ઊડવા જ લાગે! એવું જ એક સપનું આવ્યું હતું ને સપનામાં દેખાઈ જૂઈ. ફરફરતી, મઘમઘતી, ડોલતી, નાચતી, ઝૂમતી, ઘૂમતી, તરંગિત અને પ્રફુલ્લિત! કો'ક સરસ મજાના માંડવે ગર્વોન્વિત ઝૂલતી હતી, પરંતુ એનું આ સુખ તો ક્ષણિક હતું એ આ કમભાગી જૂઈને ક્યાં ખબર હતી? જૂઈને જેની પ્રતીક્ષા હતી એ છબિ આંખ સામેથી ઓઝલ થઈ રહી હતી! વિરહથી બેબાક જૂઈનું અસ્તિત્વ ખરી પડવાનું છે એ વિચારે સપનામાં જ આંખોમાં વાદળ બંધાયાં. ભેજની ભીનાશમાં આંખ ખૂલી ગઈ. હૃદયની ભીતરમાં એક સન્નાટો છવાયો. નાજુક-નમણી જૂઈ સ્વર્ગે સિધાવી ગઈ હતી. કમરામાં ઘેરી ઉદાસી વ્યાપી ગઈ. આંખમાંથી ધીરે-ધીરે આંસુ ટપકવા લાગ્યાં, પરંતુ મન હળવું થઈ ગયું. રુદન પણ એક થૅરપી છે. ગળે બાઝેલો ડૂમો વહેતાં અશ્રુ કરતાં વધારે તકલીફદાયી હોય છે. બસ, એને મોકળો કરી દેવાનો!

જૂઈના બૉયફ્રેન્ડ પવને એને જે માનપૂર્વક જગતમાંથી વિદાય આપી એ ક્લાઇમૅક્સ કલ્પનાતીત છે. જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ! લાગણીઓનો પણ એક સ્વાદ હોય છે. કડવો, મીઠો, તૂરો, તીખો કે ખારો! મન જલે ત્યારે હૃદય રાખ થઈ જાય છે અને રાખમાંથી ફિનિક્સ પંખીની જેમ સંગીતના સૂર ગીત સ્વરૂપે બહાર નીકળવા લાગે પછી મન પરમ પરિતૃપ્તિ અનુભવે છે.

'માંડવાની જૂઈ' ગીત મનમાં કોઈક અકળ ભાવ જગાડે છે. ગુજરાતી સુગમસંગીત રૂપી સમુદ્રના મોતી જેવું મોંઘેરું ગીત છે 'માંડવાની જૂઈ'.

જૂઈના રૂપકથી એમાં કન્યાના અધૂરા રહી ગયેલા ઓરતાની વાત ફૂલ જેવી કોમળતાથી રજૂ થઈ છે. 'અમથી અમથી મૂઈ...'માં જૂઈના અકાળે કરમાઈ ગયેલા જીવનની વાત છે. જૂઈનું જીવન એટલે એક લાંબી તરસ. તડકામાં ઊછરી હોવા છતાં એ જિંદગીના તાપ-વિપદા અને દુઃખોથી ડરી જાય છે એવી વાત કવિ જિતુભાઈ મહેતાએ કેવી ગજબ રીતે વર્ણવી છે! એનો હાથ પકડનાર, એનો સંગી-સાથી છેવટ સુધી આવ્યો જ નહીં. પ્રિયતમની રાહમાં ને રાહમાં એ એક ક્ષણમાં ખરી પડી. જૂઈને જેનો ઇંતેજાર હતો એ પવન આખરે આવ્યો, પણ જૂઈના મૃત્યુ બાદ જ! જૂઈને રોજ રમાડતો, વહાલ કરતો પવન જૂઈના

મોતનો મલાજો રાખે છે. પશ્ચાત્તાપરૂપે જૂઈને ઝાકળમાં નવડાવી, ધૂળમાં પોઢાવી એના અગ્નિસંસ્કાર કરે છે. પોતાની માનીતી, મઘમઘતી જૂઈને એ અગ્નિદેવતાને ખોળે સોંપે છે. અધૂરા રહી ગયેલા પ્રેમનું આ ગીત સ્વરના ઉતાર-ચડાવ તથા અંતરાના વૈવિધ્યને લઈને વધારે અર્થસભર બન્યું છે. એક વાર સાંભળ્યા પછી આ ગીત મનમાં લાંબા સમય સુધી વિષાદની લાગણી છોડી જાય છે. સુગમસંગીતસમ્રાટ પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરાંકનની આ કમાલ છે!

જોકે આ ગીતની સર્જનપ્રક્રિયા બહુ રસપ્રદ છે. કારુણ્યની પરાકાષ્ઠા સમાન આ ગીત ગરબા રૂપે પહેલી વાર રજૂ થયું હતું એ કોઈ માની શકે?

એ વિશે વાત કરતાં પુરુષોત્તમ ઉપાધ્યાય કહે છે, “ભારતીય વિદ્યાભવનમાં અવિનાશ વ્યાસ ‘આ માસનાં ગીતો’ તથા ગરબાના કાર્યક્રમો નિયમિતપણે કરતા હતા. એમાં દીવડાનો ગરબો પત્રકાર-કવિ જિતુભાઈ મહેતા લખે અને અવિનાશભાઈ કમ્પોઝ કરે. એક વખત એવું થયું કે અવિનાશ વ્યાસની અતિ વ્યસ્તતાને કારણે એમણે ભવનના ગરબાના કાર્યક્રમ માટે દીવડાનું ગીત મને સ્વરબદ્ધ કરવા આપ્યું. એ ગીત હતું ‘માંડવાની જૂઈ’. ગીત કમ્પોઝ થઈ ગયું એટલે અવિનાશભાઈ અને હું જિતુભાઈ મહેતાને સંભળાવવા એમના વિલેપાર્લેના ઘરે ગયા. સંગીતના ક્ષેત્રમાં હું તો સાવ નવો હતો. ૧૫-૧૬ની ઉંમર. અવિનાશ વ્યાસના આસિસ્ટન્ટ તરીકે એમનું બધું કામ કરતો એટલે જિતુભાઈને આ ગીત મેં કમ્પોઝ કર્યું છે એવું હમણાં કહેવું નહીં એમ અવિનાશ વ્યાસે મને જણાવ્યું હતું. સ્વરાંકન તો એમને ખૂબ પસંદ આવ્યું. પાંચ દિવસના કાર્યક્રમમાં દીવડાના ગરબા તરીકે એ ગીત રજૂ થવા લાગ્યું. કાર્યક્રમના પહેલા દિવસે સંગીતકાર દિલીપ ધોળકિયા પ્રેક્ષકગણમાં બેઠા હતા. એમને એવો અંદેશો આવ્યો કે આ ગીત અવિનાશ વ્યાસનું ન હોઈ શકે. શૈલી પરથી તો પરખાઈ જાય ને! પોતાના મનનો વહેમ સાચો છે કે ખોટો એ નક્કી કરવા બીજે-ત્રીજે દિવસે પણ તેઓ કાર્યક્રમમાં આવ્યા અને ત્રીજા દિવસે બૅકસ્ટેજમાં આવી મને કહ્યું કે આ ગીત તેં કમ્પોઝ કર્યું છે ને? હું તો મૌન હતો ત્યારે અવિનાશ વ્યાસ જ બોલ્યા કે, “હા આ ગીત પશવાએ (પુરુષોત્તમભાઈને લાડથી એ પશવો કહેતા) સ્વરબદ્ધ કર્યું છે. એને આ ગીતની ક્રેડિટ આપવી જ જોઈએ.”

આમ કાર્યક્રમના ચોથા અને પાંચમા દિવસે સ્વરકાર તરીકે પુરુષોત્તમ ઉપાધ્યાયનું નામ પહેલી વાર ભવન્સના ઑડિટોરિયમમાં અનાઉન્સ થયું, જે નામ આજે સુગમસંગીતનો પર્યાય બની ગયું છે. પુરુષોત્તમ ઉપાધ્યાયની કારકિર્દીનું સૌપ્રથમ ગીત હોવા છતાં આજે પણ એટલું જ લોકપ્રિય છે.

એવું તે શું છે આ માણસના સંગીતમાં કે તે આટલી બધી અસર કરે છે? મને લાગે છે કે સૌથી વધુ સ્પર્શતી બાબત એ પુરુષોત્તમભાઈના ભાવસભર અવાજની, એમની રજૂઆતની અને એમના સંગીતની તાજગીની છે. એક જ ગીત એમની પાસે અનેક વાર સાંભળો છતાં એ તાજું જ લાગે. ગુજરાતી સુગમસંગીત પુરુષોત્તમભાઈને પામીને ધન્ય બની ગયું છે. ગુજરાતી સુગમસંગીતનો એ શ્વાસ છે.

એમની સંગીતસમૃદ્ધ દીકરીઓ વિરાજ-બીજલે પિતા પુરુષોત્તમ વિશે બિલકુલ યથોચિત વાત લખી છે. “એમની પાસેથી અમે સંગીતની ઘણી બારીકાઈ શીખ્યાં છીએ. હાર્મોનિયમની સફેદ અને કાળી પટ્ટીઓનો સંપ શીખ્યાં છીએ. પપ્પા બેસ્ટ પર્ફોર્મર છે. ઉત્તમ ગાયક, ઉત્તમ સ્વરાંકન, ઉત્તમ કવિતા – આમ બધું જ ઉત્તમ ભેગું થાય ત્યારે ‘શ્રેષ્ઠ’–પર્ફોર્મરનો જન્મ થાય છે. એમનાં ગીતો અમે હજ્જારો વાર, હજ્જારોની સંખ્યામાં એમના જ કંઠે સાંભળ્યાં છે છતાંયે અમને ‘કાન છુટ્ટો’ કરવાનું મન ક્યારેક નથી થયું. પપ્પાનું સંગીત અમને વધુ ગુજરાતી બનાવે છે. પપ્પાથી સંગીત જેટલું નજીક એટલાં જ નજીક અમે. પપ્પાનું ઘર એટલે સંગીતનું નગર. વૉશ-બેસિનના ખળખળ વહેતા નળમાંથી પણ તમે ‘સા’ ઘૂંટી શકો એવો સુરીલો માહોલ!”

વાહ, ક્યા બાત હૈ! આવો માહોલ ભાગ્યશાળીને જ મળે.

સંગીતના જ નહીં, જિંદગીના આરોહ-અવરોહ જેમણે જોયા છે એ પુરુષોત્તમ ઉપાધ્યાયનો જન્મ ૧૯૩૨માં, ઉત્તરસંડા નામના ગામમાં. આમ તો એ પટેલોનું ગામ. બ્રાહ્મણનાં બે-ચાર ખોરડાં, તેમાંથી એક બ્રાહ્મણ કુટુંબની મા અને દીકરીઓ નવરાત્રીમાં ગરબા ગવડાવે સાથે નાનો ભાઈ પુરુષોત્તમ પણ જાય. માતા એને પણ છોકરી જેવાં જ કપડાં પહેરાવે. લહાણી મળવાની હોંશે નાનકડો પુરુષોત્તમ બહેનો સાથે નવરાત્રીમાં ગરબા ગાવા જાય. આમ સહજપણે સંગીતના સૂર સિંચાતા ગયા. છ વર્ષની વયે ૧૭ વન્સમૉર મેળવનાર પુરુષોત્તમ ઉપાધ્યાય સિર્ફ નામ હી કાફી હૈ! ગામ છોડી મુંબઈ આવ્યા ત્યારે તો ખરેખર એમણે ખરેખર ચણા ફાકીને ગુજારો કરવો પડ્યો હતો. મંગલવાડીમાં સંગીતકાર કલ્યાણજીભાઈના ઘર સામે જીવણલાલ કવિ રહેતા. એ યુવા પુરુષોત્તમને પોતાના ઘરે લઈ ગયા. સૂવાનું ઘરના ઓટલે. ઘરની સાફસફાઈ કરવાની, પાણી ભરવા જવાનું જેવાં કામો તો ખરાં જ. એવામાં અવિનાશ વ્યાસની સાથે પુરુષોત્તમ ભાઈની મુલાકાત એક રેકૉર્ડિંગ સ્ટુડિયોમાં થઈ અને તેમનું સમયચક્ર ફરી ગયું. અવિનાશ વ્યાસ સાથે શરૂમાં તો કોરસમાં ગાવાનું શરૂ કર્યું. એક ગીતના રૂપિયા ૧૦ મળે. એ રીતે મહિને સો-દોઢસો રૂપિયાની કમાણી થવા લાગી. સાથે ગીતો સ્વરબદ્ધ કરવાની અગત્યની તાલીમ પણ તેઓ પામતા ગયા. અવિનાશ વ્યાસની સાથે રહીને લતા મંગેશકર, આશા ભોસલે જેવા અનેક કલાકારોના પરિચયમાં આવવાનું થતું ગયું. એ વખતે મંગેશકર ફૅમિલી નાનાચોકમાં રહે અને આશાતાઈ ત્યારે ગામદેવીની રૅશનિંગ ઑફિસમાં કામ કરતાં હતાં. સંગીતમય વાતાવરણમાં પુરુષોત્તમભાઈનું ઘડતર થતું ગયું.

પુરુષોત્તમભાઈએ સૌપ્રથમ સ્વરબદ્ધ કરેલા ગીત ‘માંડવાની જૂઈ’ના કવિ એટલે ‘મુંબઈ સમાચાર’ અખબારમાં કટારલેખક રહી ચૂકેલા જિતુભાઈ મહેતા. બસ્સો વર્ષના ‘મુંબઈ સમાચાર’એ પ્રતિબદ્ધ પત્રકારો તો આપ્યા જ છે, પરંતુ શૂન્ય પાલનપુરી અને જિતુભાઈ મહેતા જેવા કવિઓ પણ આપ્યા છે.

જિતુભાઈ મહેતા વિશે સાહિત્યકાર અને લેખક દીપક મહેતા એમના પુસ્તક ‘આપણા સારસ્વતો – પ્રત્યક્ષ અને પરોક્ષ’માં જિતુભાઈની સ્વભાવગત લાક્ષણિકતાઓ દર્શાવતાં

લખે છે, “તેઓ અજવાળી કેડીના અલગારી મુસાફર હતા. પત્રકાર તરીકે અનેક વિષયો પર પુષ્કળ લખ્યું છતાં શાસ્ત્રીય સંગીત, લોકસંગીત, નાટ્ય સંગીત, ફિલ્મસંગીત, સુગમસંગીત અને પશ્ચિમી સંગીતના માત્ર રસિયા નહીં, ઊંડા જાણકાર પણ ખરા. રંગભૂમિ તથા ફિલ્મો સાથે સંકળાયેલા હતા તેમ જ વર્ષો સુધી નવરાત્રી પ્રસંગે ભગિની સમાજના કાર્યક્રમ માટે ગરબા-રાસ લખતા. એમનો પંખી પ્રેમ એવો કે જાણે પોતાના કુટુંબીજનો હોય એટલી આત્મીયતાથી ઓળખે. વાતમાં બીજાને તો ભીંજવે પણ, પોતેય ભીંજાય.

આવા ભીંજવી જનારા કવિ પાસેથી આવું હૃદયસ્પર્શી ગીત ના મળે તો જ નવાઈ! આ ગીત પહેલાં તો પુરુષોત્તમ ઉપાધ્યાય, રાસબિહારી દેસાઈ અને પિનાકીન મહેતાના અવાજમાં રૅકોર્ડ થયું હતું. ત્યાર બાદ, આશિત દેસાઈ, પાર્થિવ ગોહિલ ઇત્યાદિના અવાજમાં પણ ધ્વનિમુદ્રિત થયું. રાગ શંકરા-હંસધ્વનિની છાંટ ધરાવતું આ ગીત હજુ સુધી ન સાંભળ્યું હોય તો જરૂર સાંભળજો.

•

*અમથી અમથી મૂઈ! ઓલ્યા માંડવાની જૂઈ!*
*કંપી કંપીને એ જીવન જીવી ગઈ*
*ઝંખી ઝંખીને એ તરસી રે ગઈ*
*ધૂપછાંવની ગોરી તોયે ધૂપથી ડરી ગઈ*

*એની કાયામાં સુવાસ, જોબન શમણાનો ઝંકાર*
*સનમ ક્ષણની બની ગઈ અને અમથી ખરી ગઈ!*
*કે આવ્યો ઊડીને પવન, જૂઈનું જોયું રે કફન*
*ચૂમી લીધું રે ચરણ, જૂઈનું કીધું એ હરણ*
*એને ઝાકળમાં નવડાવી, એને ધૂળમાં પોઢાડી*
*સૂરજ આગમાં સળગાવી, એની માનીતી જૂઈ*

•

# અમે મુંબઈના રહેવાસી

સ્વર : ગીતા દત્ત, ચુનીલાલ પરદેશી, એ. આર. ઓઝા, ગીત-સંગીત : અવિનાશ વ્યાસ

શું એ જમાનો ને શું દબદબો હતો એ વખતે મુંબઈનો! રૂપાળી લલનાના ગળામાં શોભતા હીરાના હાર જેવું ક્વીન્સ નેકલેસ, મોરની કલગીરૂપ નાનકડું મજાનું ચર્ચગેટ સ્ટેશન, એનાથી જરાક જ છેટો દરિયો, ચોખ્ખાચણાક રસ્તા પર દોડતી ટ્રામ, ગૉથિક સ્થાપત્યના નમૂનારૂપ વિક્ટોરિયા ટર્મિનસ, ટ્રાફિક વિનાના રસ્તાઓ પર વિચરતી રૂપકડી ઘોડાગાડીઓ, કોલાબા-કફપરેડની નીરવ શાંતિ અને ફાઉન્ટન સર્કલ પર શોભતો રોમનદેવી ફ્લોરાની પ્રતિકૃતિરૂપ કલાત્મક ફૂવારો!

સામાન્ય મુંબઈગરા માટે તો મુંબઈ એ વખતેય મોંઘુંદાટ હતું. એક બાજુ ઝળહળતી ફિલ્મી દુનિયાની જાહોજલાલી હતી તો બીજી તરફ ચાલી સિસ્ટમમાં વસતા મધ્યમવર્ગીઓને મહામારી હતી. મુંબઈની કમાણી, મુંબઈમાં સમાણી. છતાં કહેવાય છે ને કે મુંબઈગરાનો મિજાજ જ અલગ! ખોલી એક રૂમની, પણ ખર્ચા ખમતીધર. રવિવારે નાટક-સિનેમા જોવાનાં, શૉપિંગ કરવાનું, ચોપાટી પર ભેળપૂરી ખાવાની, પાઇનેપલનું પીણું પીવાનું ને એય જલસા કરવાના. આવા મુંબઈકરના મોજીલા મિજાજને વ્યક્ત કરતું મજેદાર ગીત એટલે 'અમે મુંબઈના રહેવાસી...' ચર્નીરોડની ચાલમાં રહેતા મુંબઈવાસીની કથા-વ્યથા, વિટંબણા એકદમ યથાયોગ્ય રીતે આ ગીતમાં રજૂ થઈ છે. ગુજરાતી સુગમસંગીતનાં લોકપ્રિય ગીતોમાં આ ગીત પણ મૂકવું જ પડે એવું ચટાકેદાર, મસાલેદાર ગીત છે. ફિલ્મ 'મંગળફેરા'માં આ ગીત લેવામાં આવ્યું હતું. આ ફિલ્મમાં અવિનાશ વ્યાસ, નિરૂપા રૉય અને ગીતા રૉય-દત્તની ત્રિપુટીએ રંગ જમાવ્યો હતો.

અવિનાશ વ્યાસ ગુજરાતમાં સૌથી લોકપ્રિય ગીતકાર-સંગીતકાર. નિરૂપા રૉય, કોકિલા કિશોરચંદ્ર બલસારા તરીકે જન્મેલાં વિખ્યાત અભિનેત્રી અને ગીતા રૉય સુપ્રસિદ્ધ ગાયિકા, જે 'ભાવ ગાયકી' માટે જાણીતાં હતાં. આ ત્રિપુટી હિન્દી અને ગુજરાતી ફિલ્મસંગીતમાં અદ્ભુત સહયોગ માટે ભેગી થઈ હતી.

અવિનાશ વ્યાસમાં કવિ અને સંગીતકાર હોવાનું અનન્ય સંયોજન હતું. તેમણે શબ્દો અને ધૂનની સરળતા સાથે લાખો લોકોનાં દિલ જીતી લીધાં હતાં. અવિનાશ વ્યાસે ૧૯૪૦માં મુંબઈ ગયા પછી ઉસ્તાદ અલાઉદ્દીન ખાન પાસેથી હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હતી.

તેમની આરંભિક ગુજરાતી ફિલ્મોની શરૂઆત યુવાન ગીતા રૉયના નવા અને તાજા અવાજ સાથે થઈ હતી. નિરૂપા રૉય 'ગુણસુંદરી' ફિલ્મનાં મુખ્ય અભિનેત્રી અને ગીતા રૉયે આ જ ફિલ્મ માટે ઘણાં ગીતો ગાયાં હતાં. ગીતા રૉયને એ વખતે તેમની માતૃભાષા

બંગાળી સિવાય અન્ય કોઈ ભાષા આવડે નહીં તેથી તેમની સંગીતની ડાયરીમાં બંગાળી લિપિમાં તેઓ ગીતો લખતાં હતાં. આ મર્યાદા છતાં તેમણે હિન્દી, ઉર્દૂ, વ્રજ અને ગુજરાતીમાં ગીતો ગાયાં.

ગુરુ દત્ત સાથે પરણીને ગીતા દત્ત એમના ઘૂંટાયેલા અવાજ દ્વારા ટૂંક સમયમાં છવાઈ ગયાં. પચીસ વર્ષની સંગીતમય કારકિર્દીમાં ગીતા દત્તે અવિનાશ વ્યાસ ઉપરાંત તેમના સમયના અગ્રગણ્ય ફિલ્મ-સંગીતકારો સાથે કામ કર્યું. તેમાંથી ઓ. પી. નૈયર અને સચિન દેવ બર્મને ગીતાના અવાજને નિખારવામાં સૌથી વધુ યોગદાન આપ્યું. ગીતાએ તેમના સમયની અનેક અભિનેત્રીઓ માટે ગીતો ગાયાં, જેમાં મીનાકુમારી, વહીદા રહેમાન અને મધુબાલા સાથે તેના અવાજનો મેળ સૌથી સારો રહ્યો હતો.

મસ્તીભર્યા તોફાની અંદાજમાં ગાયેલાં ગીતો વડે ભારતીય ફિલ્મસંગીતને વેસ્ટર્ન ટચ આપનાર આ ગાયિકા, લગભગ દરેક પ્રકારનાં ગીતો ગાવામાં કુશળ હતાં. ભજનગાયિકા તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર ગીતા દત્તે ફિલ્મ ‘બાઝી’નાં ગીતોમાં પોતાના માદક અવાજના કામણ વડે બાજી મારી લીધી અને રાતોરાત તે સમયની યુવા પેઢીની પ્રથમ પસંદગી બની ગયાં હતાં. ભજન હોય કે ક્લબ સૉન્ગ, પ્રણયગીત હોય કે દર્દભરી રચના ગીતા દત્તના મદહોશ કરી દેનારા અવાજના જાદુથી શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ જતા. ગીતા દત્તના અવાજમાં રહેલો બંગાળી લહેકો તેમની સમકાલીન એવી અન્ય ગાયિકાઓથી અલગ કરી દેતો હતો.

ગુજરાતી ફિલ્મોના એન્સાઇક્લોપીડિયા સમાન નિરંજન મહેતા આ સંદર્ભે કહે છે, “ગુજરાતી-હિન્દી ગીતોમાં ગીતા દત્તની લોકપ્રિયતા એટલી હદે વધી રહી હતી કે એક સમયે લતા મંગેશકરે અવિનાશ વ્યાસનો બૉયકોટ કરતાં કહ્યું હતું કે “તમારે તો ગીતા દત્ત પાસે જ ગવડાવવું છે ને, મારી ક્યાં જરૂર છે?” પરંતુ હકીકત એ હતી કે એ વખતના પ્રોડ્યુસર ચંદુલાલ શાહના ભાઈ દયારામભાઈને અવિનાશ વ્યાસે લતાજીને કોઈ ફિલ્મમાં ગાવા માટે લેવાનું કહ્યું ત્યારે એમણે “એ છોકરીનો અવાજ તો બહુ પાતળો છે.” એમ કહી ના પાડી હતી. ફિલ્મોમાં તો નિર્માતાનો બોલ જ આખરી હોય એટલે અવિનાશ વ્યાસે પછીથી ગીતા દત્ત, આશા ભોસલે અને સૌથી વધારે ગીતો ઉષા મંગેશકર પાસે ગવડાવ્યાં હતાં. ગેરસમજને લીધે લતાજીએ વર્ષો સુધી અવિનાશ વ્યાસ માટે ગાયું નહોતું.”

ઉપેન્દ્ર ત્રિવેદીએ અવિનાશ વ્યાસ વિશે એક સ્થાને કહ્યું છે, “અવિનાશભાઈની વ્યાવસાયિક સૂઝ જબરદસ્ત એટલે બરાબર જાણે કે નિર્માતાને નુકસાન ન જવું જોઈએ. કોઈ ફિલ્મમાં સંગીત એ આપે એટલે બે-ત્રણ લોકગીતો એમાં લે, એના શબ્દોમાં ફિલ્મની જરૂર મુજબ ફેરફાર કરે અને બાકીનાં બે-ત્રણ ગીતોમાં પોતાને ગમતા પ્રયોગો કરે. એટલે માનો કે પ્રયોગવાળાં ગીતો ન ચાલે તો પણ લોકગીતોને કારણે ફિલ્મનું સંગીત ચાલે જ અને નિર્માતાને નુકસાન ન જાય.”

આ વાત ખરેખર સાચી છે. ગુજરાતી ફિલ્મો અવિનાશ વ્યાસનાં ગીત-સંગીતને લીધે ઊંચકાતી હતી.

અવિનાશ વ્યાસનાં બિનફિલ્મી ગીતો પણ એટલાં જ લોકપ્રિય હતાં, જેવાં કે મુકેશે ગાયેલું 'પંખીડાને આ પિંજરું જૂનું જૂનું લાગે...' તથા આશા ભોસલેના કંઠે ગવાયેલું 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો...' કોઈ ફિલ્મોનાં મોહતાજ નહોતાં. જરા થોડી જગા તારા જિગરમાં દે... જેવી શાસ્ત્રીય સ્પર્શ ધરાવતી ગઝલ આશાજીની ગાયકીની કમાલને લીધે નીખરી ઊઠી છે.

ફિલ્મ 'મંગળફેરા'માં પણ અવિનાશ વ્યાસે એકબીજાથી તદ્દન ભિન્ન એવાં ગીતો આપ્યાં છે. 'અમે મુંબઈના રહેવાસી...' ગીતને ફિલ્મની સ્ટોરી સાથે કોઈ લેવાદેવા નહોતી. એ ફક્ત મનોરંજક ગીત તરીકે જ લેવાયું હતું. દુલારી, છગન રોમિયો અને બાબુ રાજે પર એ ફિલ્માવાયું હતું. એમાં આવતા મરાઠી શબ્દો, રામાની રામાયણ વગેરે બહુ રમૂજી રીતે ગીતમાં સમાવાયા છે જે આમચી મુંબઈનો યથાર્થ પરિચય આપે છે.

પુરુષની વ્યથાનો ચિતાર આપતા ૧૯૫૦ના પરિવર્તનશીલ ચલચિત્ર 'ગાડાનો બેલ'માં ગીતા દત્તે ગાયેલું એક ગીત પણ અર્થસભર છે, જેના શબ્દો છે :

*ગંજીફાનું છે ઘર! જગત આ ગંજીફાનું ઘર!*
*ઉપરથી સુંદર ચણતર ને પોકળ છે અંદર*
*સૌએ સૌની બાજી ઉપર મનમાં થાતા રાજી*
*જેવાં પાનાં તેવાં શાણા થઈને કહેતા હાજી હાજી...*

આ ગીતની ધૂન લગભગ એ જ સમયગાળામાં રજૂ થયેલી ફિલ્મ 'બરસાત'ના ગીત, 'છોડ ગયે બાલમ, મુઝે હાય અકેલા છોડ ગયે...' સાથે ઘણી મળતી આવે છે.

'મંગળફેરા' એ જમાનામાં ટિકિટબારી ઉપર સારી ચાલી હતી. આમ તો એ ટિપિકલ સામાજિક ફિલ્મો જેવી જ હતી. પત્ની સતિ સાવિત્રી હોય અને રખડેલ પતિને પવિત્રતાની મૂર્તિસમી હીરોઇન અસંખ્ય ત્યાગો કરીને પતિને પાછો ઠેકાણે લાવે એવી જ કંઈક કથા હતી. ગીતા દત્તના જીવનની કરુણ કથની તેમ જ અવિનાશ વ્યાસ માટે જે ગીત 'લાખેણું' બની રહ્યું એ વાત આ પછીના પ્રકરણમાં.

●

*અમે મુંબઈના રહેવાસી, ઓ અમે મુંબઈના રહેવાસી*
*ચર્નીરોડ પર ચંપા નિવાસમાં, રૂમ નંબર નેવાસી*
*અમે મુંબઈના રહેવાસી, ઓ અમે મુંબઈના રહેવાસી*
*પેટલાદમાં પિયર મારું, સાસરું સુરત શહેર*
*વર ને વહુ અમે મુંબઈ રહેતા, કરતાં લીલા લહેર*
*મોકલ્યા સાસુ-સસરા કાશી*
*સાડી પહેરી શોપિંગ કીધું, પાઈનેપલનું પીણું પીધું*
*બિલના રૂપિયા બાકી રાખ્યા ઉધાર પેટે પંચ્યાસી*
*પગાર રૂપિયા પંચોતેરમાં સાડી શેં પોષાય*

મોદી ભૈયો ધોબી ઘાટી પૈસા લેવા ધક્કા ખાય
મને થઈ ગઈ થઈ ગઈ ખાંસી
રામા, આજે રવિવાર છે, નાટક જોવા જાશું
રાંધી નાખજે પૂરી બટાટા, મોડા આવી ખાશું
કાલનાં ભજિયાં તળજે વાસી

આમચા રામાચા યુનિયનને અસા ઠરાવ કેલા
ઐતવારચી સૂટી પાઈજે, નહીં કામ કરાયચી વેળા
આજ માઝી મરૂન ગેલી માઉશી!

વ્હાલે વિપદ આ શું કાઢી, રામા તું ન જાતો નાસી
નહીં તો મારે વાસણ ઘસતાં, રહેવું પડશે ઉપવાસી
અમે મુંબઈના રહેવાસી, ઓ અમે મુંબઈના રહેવાસી...!

●